## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ પેલા ફ્લોર ટેસ્ટની જરૂર નથઈ ઘરેથઈ આ લઇ આવ્યો છું... આ ફ્લોર ટેસ્ટ કરીએ.

# ભાટ સાબરમતી નદીના પટમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ભાટ સાબરમતિ નદીના પટમાંથી આશરે પાંચ દિવસ જુની અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી મૃતકના વાલીવારસની શોધખોળ આદરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ભાટ સાબરમતિ નદીના પટમાં ગતરોજ કેટલાક વ્યકિતઓ નદીમાં માછીમારી કરી રહ્યા હતા.તે સમયે નદી પાસે એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ જોઈ ચોંકી ઉઠ્યા હતા. સ્થળ પર વ્યકિતઓએ તાત્કાલીક પોલીસને જાણ કરી હતી, ત્યારે મૃતદેહ મળ્યાની જાણ થતા ઈન્ફોસીટી પીઆઈ વી.જી.રાઠોડ સ્ટાફના કર્મચારીઓ સાથે ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા.આશરે ૪૦ વર્ષિય અજાણ્યા પુરૂષનો મૃતદેહ પાંચ દિવસ જુનો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.પોલીસે મૃતદેહનું પંચનામુ કરી એફએસએલ ટીમની પણ મદદ લીધી છે. નદીના પટમાંથી બિનવારસી મૃતદેહ મળી આવતા હાલમાં અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. જયારે મૃતદેહની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે આસપાસના વિસ્તારોમાં પણ ટીમોને મોકલીને પુછપરછ કરવામાં આવી હતી. જયારે બીજીતરફ મીસીંગ વ્યકિતઓની યાદી મંગાવીને પણ તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે અડાલજ નર્મદા કેનાલ થી ઝુંડાલ તરફ જતા અવાવરુ જગ્યાથી મળી આવેલા કંકાલનો ભેદ ઉકેલવા માટે પણ પોલીસની વિવિધ ટીમો દોડાદોડી કરી રહી છે. ત્યારે ભાટ સાબરમતિ નદીના પટમાંથી મૃતદેહ મળી આવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## યુથ કોંગ્રેસ દ્વારા મોંઘવારી અને બેરોજગારી મુદ્દે ધરણા યોજાયા



ગાંધીનગર,તા.૩૦

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે અગ્નિપથનો કાળો કાયદો પાછો ખેંચવા, વીજળી, મોંઘવારી, બેરોજગારી, સહિત અનેક સમસ્યાઓની વિરુધ્ધમાં પ્રજાનો અવાજ બુલંદ કરવા માટે ધરણા-વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ ગાંધીનગરના પ્રભારી ગીતાબેન તેમજ જિલ્લા યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ શકિતભાઈ પટેલની આગેવાની હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, હરપાલસિંહ જાડેજા, ફેનિલ પટેલ, યુનુસ પરમાર, રાહુલસિંહ સોલંકી, જીગ્નેશ દેસાઈ, વિશાલ પટેલ અને ધ્રુવ પટેલ સહિત યુથ કોંગ્રેસના હોદેદારો હાજર રહ્યા હતા.

## રાંદેસણ પરણિતાના આપઘાત પ્રકરણમાં પતિની ધરપકડ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા રાંદેસણ ગામે પરિણિતાએ પંખે લટકી ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લીધી હતી. બનાવ સંદર્ભે પરિણિતાના પિતાએ જમાઈ સામે આક્ષેપ કર્યા હતા. જેને પગલે પરિણિતાને મરવા મજબુર કરનાર પતિ મયુરસિંહની ઈન્ફોસીટી પોલીસે ધરપકડ કરી લીધી છે. તો બીજીતરફ પરિણિતાના પિતાએ કરેલા આક્ષેપોની ગુંથી બહાર લાવવા માટે પોલીસે મોબાઈલ કોલ ડીટેઈલ્સ પણ માંગી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંદેસણની પરિણિતાએ લગ્નજીવનના માત્ર ત્રણ માસના ટુંકા ગાળામાં ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું.પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. પરંતુ મૃતક પરિણિતાના પિતાએ રાજેન્દ્રસિંહ જમાઈ મયુરસિંહ સામે શારીરીક માનસિક ત્રાસ આપી આપઘાત કરવા મજબુર કરતો હોવાનો આક્ષેપ કરી પોલીસ ફરીયાય આપતા પોલીસે દહેજધારા હેઠળ અને દુષ્પ્રેરણનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. નવા નવા લગ્ન થયા હોવા છતા મયુર મોડીરાતે ઘરે આવતો રહેતો હતો અને આવે તો મોબાઈલ ફોન પર કલાકો સુધી વાતો કરતો હતો. જે અંગે કામીનીબાએ તેમના પિતાને જાણ કરી હતી. દંપતિ વચ્ચેના ઝઘડા વધતા જતા હતા. મયુર કામીનીને ધાબા પરથી ફેંકી દેવાની ધમકી આપી દહેજની માંગ કરતો હતો. ત્યારે ગત ગુરુવારના રોજ પણ મયુરસિંહ મોડી રાતે ઘરે ગયા હતા. ત્યારબાદ જમી પરવારીને ડ્રોઈંગ રૂમમાં લેપટોપ લઈને કામ કરવા લાગ્યો હતો. જયારે કામિનીબા રૂમમાં સુઈ ગયા હતા. જયારે સવારના સમયે પંખે ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ જોવા મળ્યો હતો. ત્યારે રાંદેસણ પરિણિતા આપઘાત પ્રકરણમાં પતિ મયુરસિંહની ધરપકડ કરી જેલ મોકલી આપ્યો છે. ત્યારે પોલીસે કોલ ડીટેઈલ્સ મંગાવી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## ધી ઈસનપુર મોટા સેવા સહકારી મંડળીના વ્યવસ્થાપન કમિટીના ૧૫ સભ્યો ચુંટાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ઈસનપુર મોટા ગામ ખાતે આવેલી ધી ઈસનપુર મોટા સેવા સહકારી મંડળીની રસાકસીભરી વ્યવસ્થાપન કમિટીની ચુંટણીમાં કુલ-૧૫ સભ્યોમાં મોટા ખેડુત તરીકે આઠ અને નાના ખેડુત તરીકે પાંચ, ઉભડથી એક બેઠક તેમજ એસસી અને એસટી ની એક બેઠક મળી કુલ-૧૫ બેઠકો માટે ખરાખરીનો જંગ ખેલાયો હતો. મોટા ખેડુતની બેઠકમાં કૌશિકભાઈ જયંતિભાઈ પટેલ, ચંદ્રકાંત નટવરભાઈ પટેલ, દિનેશ કાંતિભાઈ પટેલ, મહેન્દ્ર પ્રહલાદભાઈ પટેલ, રમેશભાઈ કાળીદાસ પટેલ, રોહિતભાઈ શંકરભાઈ પટેલ, શૈલેષભાઈ રામભાઈ પટેલ અને મધુબેન પટેલ (બિનહરીફ) તેમજ નાના ખેડુત સભ્યોની બેઠકમાં ગીરીશભાઈ આર.પટેલ, રજનીભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, જયોત્સનાબેન પટેલ (બિનહરીફ) જયારે એસસી, એસટીની બેઠક પર મનહરભાઈ બિનહરીફ ચુંટાયા હતા. જયારે ઉભડ બેઠક પરથી પટેલ કેતન કાળીદાસ ચુંટાયા હતા. વ્યવસ્થાપન સમિતિના ૧૫ સભ્યોની વરણી થતા

## ખેડૂત અને ખેતીની આત્મનિર્ભરતા માટે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા યોજાયેલી પ્રાકૃતિક કૃષિ કાર્યશાળામાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતોને સંબોધન કરતા જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે ખેડૂત અને ખેતીની આત્મનિર્ભરતા આવશ્યક છે અને એ માટે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય છે. આઝાદીના અમૃત મહોત્સવ સંદર્ભે જૂનાગઢ ખાતે યોજાયેલી ખેડૂતોની કાર્યશાળાને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આઝાદી બાદ દેશની ખાધ્યાન્નની જરૂરિયાતને પુરી કરવા હરિત ક્રાતિના માધ્યમથી રાસાયણિક કૃષિ એ સમયની માંગ હતી. પરંતુ હવે રાસાયણિક કૃષિના દુષ્પરિણામો સાથે આવી રહ્યા છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અંધાધુંધ ઉપયોગથી જળ-જમીન અને પર્યાવરણ દુષિત થઈ ગયા છે. જમીનનો ઓર્ગેનિક કાર્બન સતત ઘટવાને કારણે જમીન બંજર બનતી જાય છે. રાસાયણિક કૃષિમાં કૃષિ ખર્ચ સતત વધી રહ્યો છે. અને ઉત્પાદન દિન-પ્રતિદિન ઘટતું જાય છે. જેના પરિણામે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે. રાસાયણિક કૃષિથી ઉત્પાદિત ખાદ્યાન આરોગવાથી લોકો કેન્સર, ડાયાબિટીઝ જેવા અસાધ્ય રોગનો ભોગ બની રહ્યા છે. રાજ્યપાલશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે નિષ્ણાંતો માની રહ્યા છે કે ગ્લોબલ વોર્મિગની સમસ્યા માટે રાસાયિક કૃષિનો ૨૪ ટકા જેટલો ફાળો રહેલો છે. રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવા માટે પ્રાકૃતિક કૃષિ એક મજબુત વિકલ્પ હોવાનું જણાવી રાજ્યપાલશ્રીએ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાય તેઓ અનુરોધ પણ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂત અને ખેતીને સમૃદ્ધ કરવા દેશભરના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યુ છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનું જન અભિયાન ચાલી રહ્યું છે. જેમાં રાજ્ય સરકાર, જિલ્લા વહિવટી તંત્ર, સહકારી બેંકો અને આત્મા પરિયોજના દ્વારા અનેકવિધ સ્તરે પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. ત્યારે આવનારા દિવસોમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે દેશભરનું મોડેલ સ્ટેટ બનશે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ભાજપના સભ્યો અને સંગઠનમાંથી જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ, મહામંત્રી રમણભાઈ દેસાઈ પણ નજરે પડ્યા હતા.
- જિલ્લા કલેકટર અને અધિકારીઓએ આજે રૂપાલ ખાતે સભાસ્થળનું તેમજ માતાના મંદિર તેમજ વાસણ તળાવની મુલાકાત લઈ તૈયારીઓને અંતિમરૂપ આપ્યુ હતું.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી આજે વયમર્યાદાને લઈ સેવાનિવૃત્ત થયા છે. તેમને આજે એક સમારોહમાં ભાવભીની વિદાય આપી અને નિવૃત્ત જીવનની શુભકામના વ્યક્ત કરી હતી.
- ગાંધીનગર શહેરમાં ડામરના ખોદાયેલા રસ્તાઓ પર હવે સિમેન્ટ ક્રોકીંટ કરવામાં આવી રહ્યું છે.
- રાજ્યના કૃષિ વિભાગે ૪૦ જેટલા મદદનીશ ખેતી નિયામકની બદલીના હુકમો કર્યા છે.
- રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે ૪૩ જેટલા ઉપ-સચિવને નાયબ સચિવ તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.
- ઈન્ડિયન નર્સિંગ કાઉન્સીલની એકઝીક્યુટીવ કમિટીમાં ઉ.ગુ.ના ડૉ. અનિલ નાયક જંગી સરસાઈ સાથે વિજેતા જાહેર થયા છે.
- ગાંધીનગર સે. ૭માં આવેલ જે.એમ. ચૌધરી સ્કૂલમાં નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરાયું હતુ.
- સે. ૨૮ની વસંતકુવરબા સ્કૂલ ખાતે નાના ભૂલકાઓએ મેઘરાજાને મનાવવા હોડી પ્રોજેક્ટ બનાવ્યો હતો.
- સિનીયર સીટીઝન કાઉન્સીલની આજે બેઠક મળી હતી.
- રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે ૩૯ સેક્શન અધિકારીની બદલી અને ૬૩ નાયબ સેક્શન અધિકારીને સેક્શન અધિકારી તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.

## બ્રહ્માકુમારી દ્વારા સિવિલના ૪૦૦ કર્મચારીઓને કોરોના વોરીયર્સ તરીકે સન્માનિત કરાયા



ગાધીનગર,તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટમાં ફરજ બજાવતા ડોકટર્સ, સ્ટાફ નર્સ, પેરામેડીકલ સ્ટાફ, વહીવટી સ્ટાફ, સિક્યુરીટીના જવાનો અને રાજદીપ ખાનગી એજન્સીના તમામ કર્મચારીઓને કોરોના વોરીયર્સ તરીકે બ્રહ્માકુમારીની માઉન્ટઆબુની મેડીકલ વીંગની ટીમ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સેકટર-૨૮ બ્રહ્માકુમારીના પૂજ્ય કૈલાસદીદી તેમજ સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણી, ડે.આરએમઓ સુધાબેન શર્મા, ડો.વિપુલાબેન, ડો.કલ્પેશ જશપરા, ડો.કલ્પેશ પરીખ સહિત સ્ટાફના ક્રમચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.



ઘ-૪નો અંડરબ્રીજ બન્યા બાદ હવે ગ-૪નો અંડરબ્રીજ બનીને તૈયાર થઈ ગયો છે. છેલ્લા ઘણા દિવસોથી બંધ રહેલો ગ-૩ થી ગ-૫ વચ્ચેનો માર્ગ અંડરબ્રીજ બનતા ખુલી જશે. ચૂંટણી જાહેર થાય તે પહેલા અંડરબ્રીજનું લોકાર્પણ થાય તેવી અહીંના વસાહતીઓને અપેક્ષા છે.

## બોરિજ પ્રાથમિક શાળામાં ભાઈઓ અને દિકરીઓમાં સ્વ-બચાવ અને સ્વ-રક્ષણની તાલીમ



ગાંધીનગર, તા.૩૦

આજના સમયમાં દરેક દિકરીઓ માટે પોતાની સુરક્ષા એક અગત્યનો પ્રશ્ન બની ગયો છે. ભાઈઓ અને મહિલાઓની સુરક્ષા માટે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થા ખાસ અમલમાં મૂકી રહી છે. ત્યારે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા બોરિજ પ્રાથમિક શાળામાં ભાઈઓ અને દિકરીઓમાં સ્વ-બચાવ અને સ્વ-રક્ષણની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યામાં દિકરીઓ-ભાઈઓએ તાલીમ લીધી હતી. બોરિજ પ્રાથમિક શાળાનાં આચાર્ય અને શિક્ષકોએ ભાઈઓ અને દિકરીઓને અભિનંદન પાઠવ્યા હતાં સાથે સંસ્થાનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે દેશના પ્રથમ પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેનો શુભારંભ

### જૂનાગઢનું પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફે સમગ્ર દેશને પ્રેરણા આપવાની સાથે દેશભરમાંથી સન્માન મળશે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી




ગાંધીનગર, તા. ૩૦

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જૂનાગઢ ખાતે દેશના પ્રથમ પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેનો શુભારંભ કરાવતા જણાવ્યું કે જિલ્લા વહીવટીતંત્રની પ્લાસ્ટિકમુક્ત તરફની આ પહેલને સમગ્ર દેશમાં પ્રેરણા મળવાની સાથે દેશભરમાંથી સન્માન પણ પ્રાપ્ત થશે. પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેનો નવો વિચાર છે તેનાથી પ્રાકૃતિક ખેતીને પણ પ્રોત્સાહન મળશે.

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા આઝાદ ચોક ખાતેના આ પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેને રાજ્યપાલશ્રીએ ખુલ્લુ મુકવાની સાથે પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેની વ્યવસ્થા-સુવિધાઓનું ઝીણવટભર્યુ નિરીક્ષણ કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર રચિત રાજે પણ પ્રાકૃતિક કાફેનો શુભાષય સ્પષ્ટ કરવાની સાથે વ્યવસ્થાઓથી રાજ્યપાલશ્રીને અવગત કરાવ્યા હતા.

આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મદીએ તા. ૧લી જુલાઈથી સિંગલયૂઝ પ્લાસ્ટીક પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો છે. ત્યારે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્લાસ્ટિકથી મુક્તિ તરફ આગળ વધવા માટે એક ઉમદા પહેલ કરી છે. આમ પ્રાકૃતિક ખેતીનો પ્રોત્સાહન મળવાની સાથે પ્રકૃતિ અને પર્યાવરણનું પણ સંવર્ધન થશે. ઉપરાંત આ પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેનું સંપૂર્ણ સંચાલન સખીમંડળની બહેનો દ્વારા કરવામાં આવનાર છે, ત્યારે આ બહેનોને રોજગારીની તક પણ ઉપલબ્ધ થશે. આ સાથે રાજ્યપાલશ્રીએ પ્લાસ્ટિકના કચરાની બદલામાં ઝેરમુક્ત-પ્રાકૃતિક ભોજન આપવાની પહેલને પણ આવકારી હતી.

આ પ્રસંગે મહાનગરપાલિકાના કમિશનર રાજેશ તન્ના, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી, અધિક નિવાસી કલેકટર એલ.બી. બાંભણીયા, મહિલા અને બાળ વિકાસ અધિકારી જીગર જસાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાદરા સંકુલમાં સફાઈ અભિયાન હાથ ધરાયું




ગાંધીનગર, તા. ૩૦

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ-સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ સાદરા સંકુલની કન્યા છાત્રાલયની છાત્રનિવાસી બહેનો દ્વારા સંકુલમાં પડેલો કચરો, પ્લાસ્ટીક વીણી ટ્રેક્ટર ટ્રેઈલરમાં ભરી સ્વચ્છ સંકુલ બનાવવા માટે સફાઈ અભિયાન હાથ ધરાયું. ગૃહમાતા વસંતી પરમાર અને સ્મિતા ગામીતના આયોજન મુજબે દરરોજ સવારે પ્રાર્થના બાદ એક કલાક સ્વચ્છ સંકુલ રાખવા માટે સફાઈ અભિયાન હાથ ધરાયું.



સચિવાલયમાં અલગ અલગ વિભાગોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા ત્રણ ડ્રાઈવર વયનિવૃત્ત થતાં તેમનો વય નિવૃતિ સમારંભ ધી સચિવાલય સ્ટાફ ડ્રાઈવર એસોસિએશન દ્વારા યોજાયો હતો. નિવૃત્ત થઈ રહેલા ડ્રાઈવરોનું સન્માન કરી તેમનું હવે પછીનું જીવન સુખમય અને તંદુરસ્ત રહે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**જાહેર નિવિદા.૫ સને. ૨૦૨૨-૨૩**

(સુધારો-૧)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં. ૨, વિજ સબસ્ટેશન, વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં. ૨૩૨ ૫૯૪૬૯/૭૦) દ્વારા વિજળીકરણ લગતા કામ નં. ૧ અને ૪ જેની અંદાજિત કિંમત રૂ. ૩૪,૬૬૬.૦૦ થી રૂ. ૯૯,૮૩૭.૦૦ છે. જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો અથવા જે તે કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવામાં આવે છે. આ પૈકી ક્ર. ૧ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૨૪/૬/૨૦૨૨ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. તથા ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૪/૭/૨૦૨૨ના બદલે તા. ૮/૦૭/૨૦૨૨ કચેરી સમય સુધી રાખેલ છે. શક્ય હશે તો ટેન્ડર પરત મળ્યાના બીજે દિવસે બપોરે ૧૨.૦૦ કલાકે હાજર રહેલ કોન્ટ્રાક્ટરોની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવશે.

માહિતી/૭૬૨/૨૨-૨૩